એસ્ટેટ વિભાગ
ભાવનગર મહાનગરપાલિકા
ભાવનગર
તા.૨૩/૦૩/૨૦૨૪

**:-પ્રેસ નોટ:-**

ભાવનગર મહાનગરપાલિકા, માન.કમિશનરશ્રીની મહાનગરપાલિકા હસ્તકના ખુલ્લા પ્લોટોની દેખરેખ રાખવા બાબતની થઈ આવેલ સીધી સૂચના અનુસાર એસ્ટેટ વિભાગ દ્વારા તા.૨૩/૦૩/૨૦૨૪નાં રોજ લેવામાં આવેલ રાઉન્ડ દરમ્યાન વાઘાવાડી રોડ, પાણીની ટાંકી પાસેના પ્લોટમાં ૧ કોન્ક્રીટ મિક્ષર ટ્રક, ૧ ખરાબો ભરેલો ટ્રક તથા ૧ ટ્રેક્ટર એમ કુલ ૩ મોટા વાહનો મહાનગરપાલિકાના પ્લોટમાં કન્સ્ટ્રક્શન વેસ્ટ ઠલવાતા ધ્યાને આવતા વાહનોને લોક કરવામાં આવેલ છે. મહાનગરપાલિકા હસ્તકના ખુલ્લા પ્લોટો તથા મિલકતોમાં મહાનગરપાલિકાની પ્રતિષ્ઠાને હાની પહોચે તેવી કામગીરી કરનાર અથવા ગેરકાયદેસર બાંધકામ કરી દબાણ કરનારાઓ સામે આગામી સમયમાં કડક પગલા લેવામાં આવનાર હોઈ, સત્વરે જાતે જ દબાણ દુર કરી ડિમોલીશન અને/અથવા દંડની કામગીરીથી બચવા આ સાથે અનુરોધ કરવામાં આવે છે.

વધુમાં, ભાવનગર મહાનગરપાલિકાના એસ્ટેટ વિભાગ દ્વારા શહેરમાં રોડની સાઈડમાં જાહેર સ્થળો પર તથા ખાનગી માલિકીની મિલકતોમાં હોર્ડિંગ્સ લગાડવાની અરજી મેળવી, નિયત ફી ભરપાઈ કરવી નિશ્ચિત સમયગાળા માટે મંજુરી આપવામાં આવે છે. પરંતુ, હાલ શહેરમાં જાહેર રોડની પાસે તથા ખાનગી માલિકીની મિલકતોમાં મહાનગરપાલિકાની મંજુરી લીધા વગર જ ઉપયોગ શરુ કરેલ હોવાનું ધ્યાને આવતા, શહેરમાં સર્વે કરી આવા કુલ ૪૮ મધ્યમ તથા મોટી સાઈઝના હોર્ડિંગ્સ આયડેંટીફાઈ કરવામાં આવેલ છે. જેઓને આગામી ૭ કામકાજના દિવસોમાં ભાવનગર મહાનગરપાલિકાના એસ્ટેટ વિભાગ ખાતે અરજી કરી મંજુરી મેળવી લેવા આથી જણાવવામાં આવે છે. ત્યારબાદ દબાણ હટાવ સેલ દ્વારા આ તમામ સાઈટો પરથી હોર્ડિંગ્સ દુર કરવામાં આવનાર હોઈ, લગત વ્યક્તિઓએ આ બાબતની નોંધ લેવા આ સાથે અનુરોધ કરવામાં આવે છે.

Sd/- 23/03/2024
એસ્ટેટ ઓફિસર
એસ્ટેટ વિભાગ
ભાવનગર મહાનગરપાલિકા